|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત વાર્ષિક પરીક્ષા **જૈનશાળા/મહિલામંડળનું** પેપર
તા. ૨૩-૦૮-૨૦૧૫ • સમયઃ બપોરે ૨ થી ૫ • શ્રેણી : **૧૨** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 12)**

પ્ર. : ૧. મોટા બાસઠિયાના આધારે નીચેના પ્રશ્નોના યોગ્ય જવાબ લખો : (૩૫)

ક) નીચેના બોલનો બાસઠિયો લખો. માત્ર અંકમાં : ૧૦
(૧) પૃથ્વીકાય (૨) અવેદી (૩) સલેશી (૪) ક્ષાયિક સમકિતી (૫) મતિજ્ઞાની
(૬) ચક્ષુદર્શની (૭) ભાષક (૮) અપરિત્ત સંસારી (૯) કાર્મણ શરીર (૧૦) વીતરાગી.

ખ) નીચેના દ્વારનો અલ્પ બહુત્વ લખો : ૮
(૧) ગતિ દ્વાર (૨) જ્ઞાન દ્વાર (૩) કષાય દ્વાર (૪) સમકિત દ્વાર

ગ) સંપૂર્ણ બાસઠિયો લખો : ૧૦
૧) વાયુકાય ૨) નોસંજ્ઞી નોઅસંજ્ઞી ૩) તેજોલેશી ૪) અયોગી ૫) સાકાર ઉપયોગ.

ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૭
(૧) મોટો બાસઠિયો કયા સૂત્ર પદમાંથી લેવામાં આવ્યો છે? તેના દ્વાર કેટલા ?
(૨) મોટા બાસઠિયાની બીજી ગાથા લખો.
(૩) સંમૂર્ચ્છિમ મનુષ્યના ગુણસ્થાન કેટલા ? શા માટે ?
(૪) અભવ્યમાં જોગ કેટલા હોય ?
(૫) વેદક સમકિતીમાં કેટલા ઉપયોગ હોય ? ક્યા ક્યા ?
(૬) આહારક એટલે શું ?
(૭) વિભંગજ્ઞાનીના કેટલા ગુણસ્થાન હોય ? ક્યા ક્યા ?

પ્ર. : ૨. ક) 'હા' કે 'ના'માં જવાબ લખો : (આમ વિચારાય ? બોલાય ?) (૫)
(૧) કડવા શબ્દો બોલીને હું મારી કિંમત ઘટાડી રહ્યો છું. ૦॥
(૨) 'નવરા બેઠા નખ્ખોદ વાળે' માટે સારું છું કે મારી કામ છે. ૦॥
(૩) એણે મને આમ શા માટે કહ્યું ? એનાથી આમ બોલાય જ કેમ ? ૦॥
(૪) અમે પણ માણસ છીએ, કામ કરવાની કાંઈક હદ હોય ને ? ૦॥
(૫) માંદા પડે એટલે શું કાંઈ કામ જ નહીં કરવાનું ? ૦॥

ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :
(૧) લોભ કોની આવશ્યકતા નથી ? પરંતુ કોની તૃષ્ણા છે ? તે લખો. ૧
(૨) કડવા શબ્દો બોલવાથી શું નુકસાન થશે ? ત્રણ મુદ્દા લખો. ૧½

ગ) પ્રશ્નોના જવાબ લખો : (૫)
(૧) લોભ કર્યો એટલે શું જોઈએ છે ? શું નથી જોઈતું ? ૧
(૨) અવેદી ગુણ પ્રગટાવવા અને અકષાયી બનવા શું કરવું જોઈએ ? ૧
(૩) માયા કરતાં પહેલાં શું વિચારવું જોઈએ ? શા માટે ? ૧
(૪) આત્મસાધનાના કેટલાં સોપાનો છે ? પ્રથમ છ સોપાનો લખો. ૨

પ્ર. : ૩. રૂપી-અરૂપી બોલના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો : (૧૦)

ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૫
(૧) સિદ્ધશિલા કેટલી સ્પર્શી છે ? શા માટે ?
(૨) રૂપી દ્રવ્યની વ્યાખ્યા લખો. તે લોકમાં છે કે અલોકમાં ?
(૩) કર્મ કેટલાં સ્પર્શી હોય ? શા માટે ?
(૪) રૂપી દ્રવ્યના અને અરૂપી દ્રવ્યના બોલ લખો.
(૫) ઘનવાત કેટલા સ્પર્શી છે ? શા માટે ?

(પાછળ જુઓ)

ખ) નીચેના બોલ રૂપી છે કે અરૂપી તે લખો : ૫

(૧) મનયોગ (૨) અવગ્રહ (૩) વૈક્રિય શરીર (૪) સમકિત દૃષ્ટિ (૫) બળ.

પ્ર. : ૪. ઉપયોગ અધિકારના આધારે પ્રશ્નોના જવાબ લખો : (૧૦)

ક) નીચેના જીવો કેટલા અને કયા ઉપયોગ લઈને નીકળે છે તે સ્પષ્ટ કરો : ૫

(૧) સંજ્ઞી મનુષ્ય (૨) તમપ્રભા નારકીના જીવ (૩) પતંગિયું

(૪) અચ્યુત દેવલોકના દેવ (૫) તિર્યંચ પંચેન્દ્રિય.

ખ) જવાબ લખો : ૫

(૧) ઉપયોગ એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

(૨) કયા જ્ઞાન લઈને અન્ય ગતિમાં જઈ શકાતું નથી ? આ જ્ઞાન કોને થાય ?

(૩) ચાર ગતિમાં સમકિત લઈને જનાર જીવમાં ઓછામાં ઓછા કેટલા જ્ઞાન હોય છે ?

(૪) સર્વ સંસારી જીવોને કેવળદર્શન ન થાય ત્યાં સુધી કયું દર્શન હોય ?

(૫) ચારે ગતિમાં આવતા કે જતા કયું દર્શન હોય નહિ ? શા માટે ?

પ્ર. : ૫. વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ લખો : (૧૦)

(૧) નમિ રાજર્ષિ ક્યાંના રાજા હતા ? તેમને કયો રોગ થયો હતો ? ૧

(૨) દેવેન્દ્રએ નમિમુનિના (નમિરાજર્ષિ) શા શા ગુણકીર્તન કર્યાં ? ૨

(૩) ઇન્દ્રએ મહેલ સળગવાનો નિર્દેશ કર્યો ત્યારે નમિરાજર્ષિએ શો જવાબ આપ્યો ? ૨

(૪) લોકમાં કેટલા પ્રકારના બંધ કહ્યા છે ? કયા કયા ? ૧

(૫) ગૌતમ ગણધરે રોહિતક નગરીમાં ગોચરીથી પાછા ફરતા રસ્તામાં શું જોયું ? ૨

(૬) રોહિતક નગરના રાજા, રાણી અને યુવરાજનું નામ લખો. ૧

(૭) દેવદત્તાની કથા કયા સૂત્ર-અધ્યયનમાંથી લેવામાં આવી છે ? ૧

દેવદત્તાના માતા-પિતાનું નામ તેમ જ તેનાં લગ્ન કોની સાથે થયાં હતાં તે લખો.

પ્ર. : ૬. કાવ્યપૂર્તિ કરો : (૧૦)

(૧) નથી ઘાતી .............................. અવસર દેજો. ૨

(૨) ચંડ કૌશિકના .......................... વીરની વાણી. ૨

(૩) જડની પ્રતીતિ એ ...................... મસ્ત બની જાઉં. ઓ ચેતન. ૨

(૪) પ્રભુ કહે છે ............................ સાથ ગમે છે.

(૫) છો ને આ ............................. પળ દેજો. ૨

પ્ર. : ૭. ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (૭)

(૧) ત્રીજું શ્રમણસૂત્ર શેના માટે કરવામાં આવે છે ? ૧

(૨) સંથારાની કેટલી કોટિ છે ? કઈ કઈ ? ૧

(૩) મહામોહનીયના સ્થાન કેટલા ? કુલ કોટી કેટલી ? ૧

(૪) હિંસાના કેટલા ભેદ છે ? કયા કયા ? અર્થ સાથે લખો. ૧

(૫) પરમાધામી કેટલા ? ગણધરના ગુણ કેટલા ? સંખ્યા લખો. ૧

(૬) ચાર અનર્થદંડના નામ અર્થ સાથે લખો. ૨

ખ) મૂળ પાઠ લખો : (૪)

(૧) રખે, ભૂખ લાગે. (૨) લઘુનીત (પેશાબ)માં ઉપજે તે (૩) સંયતિ છું.

(૪) ઉપદેશની રુચિ

ગ) પાઠ પૂર્ણ કરો : (૪)

(૧) ગોયર ચરિયાએ. ................................................ સંકિએ.